GJJN110006242025

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | 16 | 10 | 2025 |
| દાખલ તારીખ : | 16 | 10 | 2025 |
| ફેસલ તારીખ : | 02 | 04 | 2026 |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | 00 | 05 | 17 |

**આંક : ૧૯**

---

## મહેરબાન ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ.

---

**:: નમૂના–અ ::**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | **૪૧૮/૨૦૨૫.** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | બી.એન.એસ.ની કલમ–૮૫, ૧૧૫(૧), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૦૭૨૪૦૪૭૧/૨૦૨૪. |
| પોલીસ સ્ટેશન | ભેસાણ પોલીસ સ્ટેશન. |
| ફરીયાદ પક્ષ | **શ્રી સરકાર**<br>(મુળ ફરીયાદી : રૂક્ષ્મણીબેન વા/ઓ વિજયભાઈ બાલુભાઈ ધાખડા) |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એમ.એચ.સિંધી. |
| બચાવ પક્ષ | (૧) વિજયભાઈ બાલુભાઈ ધાખડા,<br>ઉ.વ.૨૮, ધંધો : અભ્યાસ, |

| | |
|---|---|
| | (૨) બાલુભાઈ ભાણાભાઈ ધાખડા,<br>ઉ.વ.૫૦, ધંધો : મજુરી,<br>(૩) કૈલાશબેન વા/ઓ બાલુભાઈ ધાખડા,<br>ઉ.વ.૪૮, ધંધો : ઘરકામ,<br>(૪) સાગરભાઈ બાલુભાઈ ધાખડા,<br>ઉ.વ.૨૪, ધંધો : અભ્યાસ,<br>(૫) સુમિતાબેન ડો/ઓ બાલુભાઈ ધાખડા,<br>ઉ.વ.૨૬, ધંધો : ઘરકામ,<br>(૬) ચંદ્રીકાબેન વા/ઓ અશોકભાઈ ધાખડા,<br>ઉ.વ.૨૮, ધંધો : ઘરકામ,<br>હાલ રહે.નં.૧ થી ૬– સુરત, બી/૬, મણીબાનગર સોસાયટી, ચીકુવાડી, કતારગામ,જી.સુરત.<br>મુળ રહે.નેસડી–૨, તા.ખાંભા, જી.અમરેલી.<br>(૭) દેવરાજભાઈ જેઠાભાઈ મહીડા,<br>ઉ.વ.૩૭, ધંધો : મજુરી,<br>રહે.સાણા વાકીયા, તા.ઉના, ગીર ગઢડા,<br>જી.ગીર સોમનાથ. |
| રજુઆત | વિ. વકીલ શ્રી ડી.એન.પરમાર. |

**:: નમૂના–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦/૦૫/૨૦૨૪ થી ૧૨/૧૦/૨૦૨૪ સુધી. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૮/૧૨/૨૦૨૪. |
| આખરી અહેવાલની તારીખ | ૧૬/૦૩/૨૦૨૫. |
| તહોમતનામાની તારીખ | ૧૮/૧૧/૨૦૨૫. |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૬. |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | –– |
| ચૂકાદાની તારીખ | ૦૨/૦૪/૨૦૨૬. |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## :: આરોપીની વિગત ::

| ક્રમ | આરોપીનું નામ | હાજર રહયા તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિજયભાઈ બાલુભાઈ ધાખડા | ૧૦/૦૧ /૨૦૨૫ | – | બી.એન.એસ.ની કલમ–૮૫,૧૧૫(૧) ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબ. | નિર્દોષ | – | – |
| ૨ | બાલુભાઈ ભાણાભાઈ ધાખડા | | | | | | |
| ૩ | કૈલાશબેન વા/ઓ બાલુભાઈ ધાખડા | | | | | | |
| ૪ | સાગરભાઈ બાલુભાઈ ધાખડા | | | | | | |
| ૫ | સુમિતાબેન ડો/ઓ બાલુભાઈ ધાખડા | | | | | | |
| ૬ | ચંદ્રીકાબેન વા/ઓ અશોકભાઈ ધાખડા | | | | | | |
| ૭ | દેવરાજભાઈ જેઠાભાઈ મહીડા | | | | | | |

## :: નમૂનો ક ::

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

### અ. ફરિયાદ પક્ષના સાક્ષી

| ક્રમ. | પુરાવાનો પ્રકાર | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧. | ફરીયાદી | રૂક્ષ્મણીબેન વા/ઓ વિજયભાઈ બાલુભાઈ ધાખડાની જુબાની. | ૧૪ |
| ૨. | સાહેદ | રાહુલભાઈ ભીમજીભાઈ ચૌહાણ ની જુબાની. | ૧૬ |

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

### અ. ફરિયાદ પક્ષ

| ક્રમ. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ. | ૧૫ |

### ડ. ભૌતિક પદાર્થ :

| અનુ. નં. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

## -:: <u>ઠરાવ</u> ::-

(૧). ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદીના લગ્ન આરોપી નં.૧ સાથે ફરીયાદ દાખલ કર્યાના સાતેક મહિના પહેલા સમાજના રીત રીવાજ મુજબ થયેલા. આરોપી નં.૧ ફરીયાદીના પતિ થતા હોય અને આરોપી નં.૨ ફરીયાદીના સસરા તથા આરોપી નં.૩ ફરીયાદીના સાસુ તથા આરોપી નં.૪ ફરીયાદીના દિયર તથા આરોપી નં.૫ ફરીયાદીના નણંદ તથા આરોપી નં.૬ ફરીયાદીના કુટુંબી જેઠાણી તથા આરોપી નં.૭ ફરીયાદીના મામાજી થતા હોય. આ કામના તમામ આરોપીઓએ ફરીયાદીને કરીયાવર બાબતે મેણાટોણા મારી ફરીયાદીને ભુંડી ગાળો આપી, ઢીકા પાટુનો માર મારી અને ફરીયાદીના ભાઈઓને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ફરીયાદીને માનસીક તથા શારિરીક દુ:ખત્રાસ આપી, ફરીયાદીને છુટાછેડા આપવા દબાણ કરી ફરીયાદીને ઘરેથી કાઢી મુકી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી આરોપીઓએ ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદીએ ફરીયાદ આપતા પોલીસે ફરીયાદીની ફરીયાદ નોંધી,આ ગુનાની તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઉપરોકત ગુના મુજબનુ ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

(૨). આ કામના આરોપીઓને ધોરણસરની સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થયા હતા. તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ ની જોગવાઈઓ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી આરોપી ઓ સામે આંક-૪ થી તહોમતનામું ફરમાવી આંક-૫ થી આંક-૧૧ સુધી આરોપી ઓની પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩). ત્યારબાદ, આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ તરફે ઉપરોકત નમુના 'ક' માં જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

(૪). આમ, આ કામે ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયા બાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી તથા સાહેદે આંક–૧૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતા, આ કામે ફરીયાદ પક્ષ તરફે વિશેષ પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી અને આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીતથા આરોપીઓના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬). સદરહુ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

**મુદ્દા નં.૧. :** શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ કામના તમામ આરોપીઓએ ફરીયાદીને કરીયાવર બાબતે મેણા ટોણા મારી ફરીયાદીને ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી અને ફરીયાદીના ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ફરીયાદીને માનસીક તથા શારિરીક દુ:ખત્રાસ આપી, ફરીયાદીને છુટાછેડા આપવા દબાણ કરી ફરીયાદીને ઘરેથી કાઢી મુકી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી આરોપીઓએ બી.એન.એસ.ની કલમ–૮૫, ૧૧૫(૧), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કર્યો છે ?

**મુદ્દા નં.૨. :** આખરી શું હુકમ ?

(૭). ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). નકારમાં.

(૨). આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નં.૧**

(૮). સદર કામે આરોપીઓ વિરૂધ્ધનો ઉપરોકત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદી રૂક્ષ્મણીબેન વા/ઓ વિજયભાઈ બાલુભાઈ ધાખડાને આંક-૧૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓના લગ્ન આરોપી નં.૧ સાથે દોઢ વર્ષ પહેલા થયેલા. લગ્ન બાદ તેઓના સાસરીપક્ષ સાથે મનદુ:ખ થતા તેઓએ પોલીસ ફરીયાદ આપેલ, જે ફરીયાદ પોતાની સહી ઓળખી બતાવી આંક-૧૫ થી રજુ રાખેલ છે, તેમજ તેઓને આરોપી ઓએ કોઈ દુ:ખત્રાસ આપેલ નથી કે મેણાટોણા બોલેલ નથી કે ઢીકા પાટુ મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે છુટાછેડા કરવાનું દબાણ કરેલ નથી તેમ જણાવેલ છે. આમ, સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરી આ અદાલતની પરવાનગીથી ફરીયાદીની વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં તેઓની ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. બચાવપક્ષના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય અન્ય કોઈ બનાવ બનેલો નથી, આરોપીએ તેઓને કોઈ ગાળ આપી નથી કે છુટાછેડાની ધમકી આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. આરોપીઓએ તેઓને કોઈ મેણાટોણા મારેલ નથી કે કોઈ કરીયાવર બાબતે દુ:ખત્રાસ આપેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે તેઓને ફરીયાદ વંચાવેલ નહિ ફકત સહી કરવાનું કહેતા સહિ કરી આપેલી. એ વાત ખરી છે કે, તેઓને રાજીખુશીથી છુટાછેડા થઈ ગયેલ છે અને એકબીજાની ચીજવસ્તુ તેઓએ કરેલ લેખ પ્રમાણે આપી દેવાની છે.

(૯). ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ રાહુલભાઈ ભીમજીભાઈ ચૌહાણને આંક-૧૬ થી તપાસેલા છે, પરંતુ આ સાહેદે પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ

પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા નથી અને ફરીયાદીને આરોપીઓએ કોઈ દુ:ખત્રાસ આપેલ નથી કે મેણાટોણા બોલેલ નથી કે ઢીકાપાટુ મારેલ નથી કે જાન થી મારી નાખવાની ધમકી આપેલ નથી કે છુટાછેડા કરવાનું દબાણ કરેલ નથી તેમ જણાવેલ છે. આમ, સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી. શ્રી ધ્વારા હોસ્ટાઈલ જાહેર કરી, આ અદાલતની પરવાનગી થી સાહેદોની ઉલટતપાસ કરવા છતાં તેઓના પોલીસ રૂબરૂના નિવેદન ની હકીકત ને સમર્થન કરેલ નથી. બચાવપક્ષના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી ઓ સાથે તેઓની બહેનને સામાન્ય બોલાચાલી સિવાય અન્ય કોઈ બનાવ બનેલો નથી, આરોપીઓએ તેઓની બહેનને કોઈ મેણાટોણા મારેલ નથી કે કોઈ કરીયાવર બાબતે દુ:ખત્રાસ આપેલ નથી. એ વાત ખરી છે કે, તેઓની બહેન હાલમાં તેઓની સાથે રહે છે અને ઘરમેળે છુટાછેડા થઈ ગયેલ છે.

(૧૦). આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામે તપાસેલ ફરીયાદી તથા સાહેદે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે, જેથી ફરીયાદ પક્ષે રજુ થયેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદીને આરોપીઓએ કોઈ દુ:ખત્રાસ આપેલ નથી કે મેણાટોણા બોલેલ નથી કે ઢીકા પાટુ મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે છુટાછેડા કરવાનું દબાણ કરેલ નથી તેવું જણાવેલ છે.આમ, આ હકીકતો ધ્યાને લેતાં, ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપીઓએ ફરીયાદીને કરીયાવર બાબતે મેણાટોણા મારી ફરીયાદીને ભુંડી ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી અને ફરીયાદીના ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ફરીયાદીને માનસીક તથા શારિરીક દુ:ખત્રાસ આપી, ફરીયાદીને છુટાછેડા આપવા દબાણ કરી ફરીયાદીને ઘરેથી કાઢી મુકી હાલનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાની હકીકતો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય

ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા ઉપર આધાર રાખી આરોપીને હાલના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૧).** વધુમાં, ફોજદારી કેસોમા આરોપી વિરૂધ્ધનો ગુનો ફરીયાદ પક્ષે પોતાનો કેસ પોતાના જ પુરાવાથી વાજબી શંકાથી પર (બીયોન્ડ રીઝનેબલ ડાઉટ) સાબિત કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે.

**(૧૨).** વધુમાં, ***સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન, ૧૯૯૬(૩) ક્રાઇમ્સ ૮૫*** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દવારા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકી ના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી.સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :–

> When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

વધુમાં, ***Girdhar Shankar Tawade v. State of Maharashtra (2002) 5 SCC 177*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> *Cruelty must be grave and weighty, not trivial.*

વધુમાં, The Hon'ble Supreme Court in ***Rajaram v. State of Rajasthan (2005) 5 SCC 272*** held that,

> When the material witnesses do not support the prosecution case and there is no other reliable evidence, the accused is entitled to acquittal.

In ***Bhim Singh v. State of Haryana (2003) 10 SCC 529***, The Court held that,

> Where prosecution evidence does not establish any incriminating circumstance, continuing the trial is unnecessary and the accused deserves acquittal.

In ***Veer Singh v. State of Uttar Pradesh (2014) 2 SCC 455 : AIR 2014 SC 1146*** The Hon'ble Supreme Court observed that,

> When material witnesses turn hostile and the prosecution fails to produce independent corroboration, it becomes unsafe to maintain conviction.

આમ, ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદે આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની બની રહે છે, તેમજ જયારે પ્રોસીકયુશનના મટીરીયલ વીટનેશ પ્રોસીકયુશનને મદદકર્તા ન હોઈ અને આરોપીને ગુના સાથે સાંકળતો બીજો કોઈ વિશ્વસનીય પુરાવો ન હોઈ ત્યારે આરોપીને છોડી મુકવા જોઈએ.

(૧૩). આમ, ઉપરોકત ચુકાદાની હકીકત સાથે હાલના કેસની કાર્યવાહી ધ્યાને લેતાં, તથા રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે સાહેદે જણાવેલ નથી અને ઉલ્ટાનું ફરીયાદ પક્ષ તરફથી પુરાવા બંધનું પુરસીસ રજુ કરી વધુ સાહેદ તપાસવા નથી, તેવી હકીકત જાહેર કરેલ છે. ત્યારે, ચાર્જશીટમાં જણાવેલ દરેક સાહેદોને તપાસવામાં આવે તો પણ, કાર્યવાહીના અંતિમ પરીણામમાં કોઈ ફેરફાર થતો ન હોઈ,બિન–જરૂરી રીતે સાક્ષી તપાસી, અદાલતનો કિંમતી સમય બગાડવાનું યોગ્ય જણાતું ન હોઈ, અત્રેની કાર્યવાહીમાં અદાલતે ફરીયાદપક્ષની પુરાવા બંધની પુરસીસ આધારે વિશેષ સાક્ષીઓ તપાસવાનું ટાળેલ છે.

(૧૪). આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આરોપીઓને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## હુકમ

**(૧).** આ કામના આરોપી નં.(૧) વિજયભાઈ બાલુભાઈ ધાખડા, નં.(૨) બાલુભાઈ ભાણાભાઈ ધાખડા, નં.(૩) કૈલાશબેન વા/ઓ બાલુ ભાઈ ધાખડા, નં.(૪) સાગરભાઈ બાલુભાઈ ધાખડા, નં.(૫) સુમિતાબેન ડો/ઓ બાલુભાઈ ધાખડા, નં.(૬) ચંદ્રીકાબેન વા/ઓ અશોકભાઈ ધાખડા, હાલ રહે.નં.૧ થી ૬ સુરત, બી/૬, મણીબાનગર સોસાયટી, ચીકુવાડી કતારગામ, જી.સુરત તથા મુળ રહે.નેસડી-૨, તા.ખાંભા, જી.અમરેલી તથા નં.(૭) દેવરાજભાઈ જેઠાભાઈ મહીડા, રહે.સાણા વાકીયા, તા.ઉના ગીર ગઢડા, જી. ગીર સોમનાથનાઓને તેઓની સામેના બી.એન.એસ.ની કલમ-૮૫, ૧૧૫(૧), ૩૫૧(૩), ૩૫૨ તથા ૫૪ મુજબના આક્ષેપીત ગુનાના તહોમતમાંથી બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) મુજબ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** આ કામે દરેક આરોપીઓએ બી.એન.એસ.ની કલમ-૪૮૧ મુજબ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૦૨ જી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૨/૦૪/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(કોડ નંબર-જીજે ૦૧૩૯૧)